પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ / ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :- forum.pgvcl@gmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૩/કવા–૦૧/૧૮–૧૯/ 7307-2 તા. 2/7/18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
કાકરશીભાઈ કાનાભાઈ કમેજાળીયા,
ગામ: આંબરડી
તા. જસદણ

વિષય :–વીજજોડાણ ને રદબાતલ કરવા અંગે
સંદર્ભ:– આપની અરજી તા. ૦૪–૦૬–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૬૩/કવા–૦૧/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામા આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી જસદણ

સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જી.ઈ.આર.સી. ના આયોગ ના જાહેરનામા ૦૨/૨૦૧૧ ની કલમ ૨ મર મુજબ સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, વિંછીયા

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)


પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website www.pgvcl.com


| કેસ નં. : સીજીઆરએફ : ૬૭/કવા–૦૧/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૨૫–૦૭–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: ઠાકરશીભાઈ કાનાભાઈ કમેજાળીયા, ગામ: આંબરડી

રજૂઆત કરનાર: અરજદાર ઠાકરશીભાઈ કાનાભાઈ કમેજાળીયા હાજર રહેલ છે

**વિરુદ્ધ**

**પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા)**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, વિંછીયા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી જસદણ)

રજૂઆત કરનાર :પી.જે. મહેતા – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી જસદણ

---

## : હુકમ :

---

**ફરીયાદ : વીજજોડાણ ને રદબાતલ કરવા અંગે**

---

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજૂઆત**

| | |
|---|---|
| ૧ | **અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે.** |
| ૧.૧ | **અરજદાર જણાવે છે કે, તેઓના પિતાશ્રી કાનાભાઈ કમેજાળીયા ની હૈયાતી મા ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૧૮૬૦/૦૭૫૭૬/૨ મેળવેલ છે. તે વર્ષો જુનુ ખેતીવાડી વીજજોડાણ હોય – જેનો કોઈ પણ ભાઈઓ ઉપયોગ કરતા ન હોય – સદર જોડાણ ને રદબાતલ કરાવવા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.** |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજૂઆત**

| | |
|---|---|
| ૨ | **પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ ટેકનીકલ અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે.** |
| ૨.૧ | **અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવવાનું કે, અરજદાર શ્રી** ઠાકરશીભાઈ કાનાભાઈ કમેજાળીયા દ્વારા ફોરમ સમક્ષ તા. ૦૪/૦૬/૨૦૧૮ ના રોજ અરજી કરેલ છે. તે મુજબ તેઓના પિતાશ્રી કાનાભાઈ વાઘાભાઈ કમેજાળીયા ના નામનું કરારિત વીજભાર ૫.૦ HP નું વીજજોડાણ જેનો ગ્રાહક નંબર ૮૧૮૬૦/૦૭૫૭૬/૨ ગામ આંબરડી મુકામે છે. જે છે. તેઓના પિતાશ્રી કાનાભાઈ વાઘાભાઈ કમેજાળીયા હાલમાં હયાત નથી.<br><br>ઉપરોક્ત બાબતે અરજદાર શ્રી ઠાકરશીભાઈ કાનાભાઈ કમેજાળીયા દ્વારા સદર વીજજોડાણ જેનો ગ્રાહક નંબર ૮૧૮૬૦/૦૭૫૭૬/૨ રદ કરવાની ફરિયાદ વિંછીયા પેટા વિભાગીય કચેરી ને મળતા નાયબ ઈજનેરશ્રી દ્વારા આંબરડી ગામે રૂબરૂ માં સ્થળ રોજકામ તારીખ ૨૫/૦૬/૨૦૧૮ ના રોજ કરેલ છે. જેમાં જણાવેલ છે કે વીજ જોડાણ જેમના નામનું છે તેમના વારસદારો (૧) નરશીભાઈ કાનાભાઈ કમેજાળીયા, (૨) ઠાકરશીભાઈ કાનાભાઈ કમેજાળીયા (૩) કાળુભાઈ કાનાભાઈ કમેજાળીયા અને (૪) લાલજીભાઈ કાનાભાઈ કમેજાળીયા છે. મૂળ અરજી મુજબ સદર ગ્રાહક નંબર ૮૧૮૬૦/૦૭૫૭૬/૨ નું વીજ જોડાણ ગામ આંબરડી મુકામે અરજદારની અરજી મુજબ રે.સર્વે નંબર ૨૨૧/૧ માં વીજ જોડાણ આપવામાં આવેલ છે. સદર હાલમા રે.સર્વે નંબર ૨૨૧/૧ ના ભાગ પડેલ છે - જે નીચે મુજબ છે. |

1 રે.સર્વે નબર ૨૨૧/૧ પૈકી ૧ ની જમીન નરશીભાઈ કાનાભાઈ ક્મેજાળીયા નાં નામે છે. સ
હાલમા આ રે.સર્વે નંબર પર શ્રી નરશીભાઈ કાનાભાઈ ક્મેજાળીયા નામનું વીજ જોડાણ ગ્રાહક નંબર ૮૧૮૬૦/૦૦૭૦૮/૨ , A2 કેટેગરી , ૧૦ એચ.પી નું આવેલ છે .જે તારીખ ૦૮/૦૩/૨૦૧૦ ના રોજ રીલીઝ કરેલ છે.

2 રે.સર્વે નબર ૨૨૧/૧ પૈકી ૨ ની જમીન ઠાકરશીભાઈ કાનાભાઈ ક્મેજાળીયા નાં નામે છે. આ રે.સર્વે નંબર પર શ્રી ઠાકરશીભાઈ કાનાભાઈ ક્મેજાળીયા નામનું વીજ જોડાણ ગ્રાહક નંબર ૮૧૮૬૦/૦૧૦૫૦/૪ , A2 કેટેગરી , ૦૫ એચ.પી નું આવેલ છે .જે તારીખ ૨૦/૦૫/૨૦૧૭ ના રોજ રીલીઝ કરેલ છે.

3 રે.સર્વે નબર ૨૨૧/૧ પૈકી ૩ ની જમીન કાળુભાઈ કાનાભાઈ ક્મેજાળીયા નાં નામે છે. આ રે.સર્વે નંબર પર શ્રી કાળુભાઈ કાનાભાઈ ક્મેજાળીયા નામનું વીજ જોડાણ ગ્રાહક નંબર ૮૧૮૬૦/૦૭૬૩૬/૦ , A2 કેટેગરી , ૭.૫ એચ.પી નું આવેલ છે .જે તારીખ ૨૪/૦૨/૨૦૦૨ ના રોજ રીલીઝ કરેલ છે.

4 રે.સર્વે નંબર ૨૨૧/૧ પૈકી ૪ ની જમીન મંજુબેન લાલજીભાઈ કાનાભાઈ નાં નામે છે. આ રે.સર્વે નંબર પર હાલ માં કોઈ વીજ જોડાણ હયાત નથી. પરંતુ આ રે.સર્વે નંબર મર અડીને જ તેમના અન્ય લાગત રે.સર્વે નંબર ૨૨૨ પૈકી ૧ ની જમીન આવેલ છે. આ રે.સર્વે નંબર પર મંજુલાબેન લાલજીભાઈ કાનાભાઈ નામનું વીજ જોડાણ ગ્રાહક નબર ૮૧૮૬૦/૦૭૭૨૭/૭ , A2 કેટેગરી , ૫ એચ.પી નું આવેલ છે .જે તારીખ ૧૯/૦૫/૨૦૦૯ ના રોજ રીલીઝ કરેલ છે.

અરજદાર શ્રી ઠાકરશીભાઈ કાનાભાઈ ક્મેજાળીયા ના પિતા કાનાભાઈ વાઘાભાઈ ક્મેજાળીયા ના નામનું વીજ જોડાણ નંબર ૮૧૮૬૦/૦૭૫૭૬/૨ છે. જે હાલ માં રે.સર્વે નંબર ૨૨૧/૧ પૈકી ૨ માં આવેલ છે તે જમીન ઠાકરશીભાઈ કાનાભાઈ ક્મેજાળીયા ના નામે છે.

અરજદાર ની ફરિયાદ ના અનુસંધાને સ્થળ રોજકામ દરમિયાન પેટા વિભાગીય કચેરી વિંછીયા ના નાયબ ઈજનેરશ્રી દ્વારા રૂબરૂમાં તેઓને પૂછતા આ ત્રણેય ભાઈઓ એ વીજ જોડાણ તેમના પિતાશ્રી ના નામનું હોય તેમની સહમતી વગર વીજ જોડાણ રદ ન કરવા જણાવેલ છે. તેમજ આ વીજ જોડાણ નું આ વીજ જોડાણ ફરિયાદ ના આધારે રદ ન કરવા જણાવેલ છે જે અન્વયે ત્રણે ભાઈઓએ નાયબ ઈજનેરશ્રી ના રોજકામ મા સહી કરેલ છે. જેની રોજકામ ની નકલ આ સાથે સામેલ છે

ઉપરોક્ત બાબતે તારીખ ૨૯/૦૬/૨૦૧૮ ની ફોરમ મીટીંગ માં આપ સાહેબ શ્રી દ્વારા સુચના મુજબ તલાટીક્મ મંત્રીશ્રી ની હાજરીમાં સદર જમીન કોના માલિકીની છે ? તે અંગેનું રોજકામ રજુ કરવા રેવન્યુ તેમજ પંચાયત તલાટી મંત્રીશ્રી નો વારંવાર સંપર્ક કરતા બન્ને તલાટી મંત્રીશ્રીઓ એ રોજકામ સાથે મળીને કરવાની ના પડતા નાયબ ઈજનેરશ્રી પેટા વિભાગીય કચેરી વિંછીયા દ્વારા તાલુકા વિકાસ અધિકારીશ્રી જસદણ તથા મામલતદાર શ્રી જસદણ ને સંદર્ભ પત્ર નંબર વી.એસ.ડી/ટેક/૮૬૦૨ અને વી.એસ.ડી/ટેક/૮૬૦૩ તારીખ ૦૬/૦૭/૨૦૧૮ થી રોજકામ કરી આપવા જણાવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે. જે રોજકામ અંગેની રજુઆત આજદિન સુધી પડતર છે. વધુમાં કુવો બુરાઈ ગયેલ છે કે નહી તે રોજકામ માં સ્પષ્ટતા કરવા જણાવેલ જે અનુસંધાને

જણાવવાનું કે નાયબ ઈજનેરશ્રી પેટા વિભાગીય કચેરી વિછીયા દ્વારા સદરહુ સ્થળની રૂબરૂ માં તપાસ કરતા જણાવેલ છે કે શ્રી કાનાભાઈ વાઘાભાઈ કમેજાળીયા નામનું વીજ જોડાણ જે કુવા પર આવેલ છે તે કુવો અંદાજે ૨૫ ફૂટ જેટલો ઊંડો જણાય છે તેમજ કુવા માં પાણી નથી.

અરજદાર સિવાયના ત્રણે ભાઈઓએ વીજ જોડાણ ચાલુ રાખવા જણાવે છે જેથી તેઓને કુવા અંગે તેમની માલિકીનો પુરાવો રજુ કરવા સંદર્ભ પત્ર નંબર વી.એસ.ડી/ટેક/૭૩૫૦, વી.એસ.ડી/ટેક/૭૩૫૧ વી.એસ.ડી/ટેક/૭૩૫૨ અને વી.એસ.ડી/ટેક/૭૩૫૩ તારીખ ૩૦/૦૬/૨૦૧૮ થી જાણ કરેલ. જેના પુરાવા રૂપે ત્રણે ભાઈઓએ સોગંદનામું રજુ કરેલ છે તેમજ તલાટી મંત્રીશ્રી નો દાખલો રજુ કરેલ છે જેમાં જણાવેલ છે કે રે.સર્વે નંબર ૨૨૧/૧ પૈકી ૪ માં આવેલ કુવો તેમના ભાઈઓ નરશીભાઈ કાનાભાઈ કમેજાળીયા, કાળુભાઈ કાનાભાઈ કમેજાળીયા અને ઠાકરશીભાઈ કાનાભાઈ કમેજાળીયા ના નામે મજમુ કુવો છે. જેની નકલ આ સાથે સામેલ છે

ફરિયાદ માં જણાવેલ વીજ કનેક્શન નંબર ૮૧૮૬૦/૦૭૫૭૬/૨ જે શ્રી કાનાભાઈ વાઘાભાઈ કમેજાળીયા ના નામે હોય અને હાલ માં કાનાભાઈ વાઘાભાઈ કમેજાળીયા હયાત નથી માટે વીજ જોડાણ રદ કરવા તમામ વારસદારો ની સહમતી ની જરૂરી હોય અને અન્ય ત્રણ વારસદારો વીજ જોડાણ રાખવા માંગતા હોય વીજ જોડાણ રદ કરી શકાય નહી.

<u>મુદ્દા નં.—૩</u> **નિષ્કર્ષ**

**૩** **ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે.**

<u>૩.૧</u> **અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને — પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ માં જણાવેલ વીજ કનેક્શન નંબર** ૮૧૮૬૦/૦૭૫૭૬/૨ જે શ્રી કાનાભાઈ વાઘાભાઈ કમેજાળીયા ના નામે હોય - હાલ માં રે.સર્વે નંબર ૨૨૧/૧ પૈકી ૨ માં આવેલ છે તે જમીન ઠાકરશીભાઈ કાનાભાઈ કમેજાળીયા ના નામે છે. પરંતુ હાલ માં કાનાભાઈ વાઘાભાઈ કમેજાળીયા હયાત નથી માટે વીજ જોડાણ રદ કરવા માટે અરજી કરેલ છે.

ઉપરોક્ત બાબતે મુદ્દા ન. ૨.૧ મુજબ ની વિગતે ફરિયાદી સિવાય ના અન્ય ત્રણ વારસદારો એ સદર સવાલવાળું વીજ જોડાણ ચાલુ રાખવા જણાવે છે જેથી તેઓને કુવા અંગે તેમની માલિકીનો પુરાવો રજુ કરવા પીજીવીસીએલ દ્વારા પત્ર નંબર વી.એસ.ડી/ટેક/૭૩૫૦, વી.એસ.ડી/ટેક/૭૩૫૧ વી.એસ.ડી/ટેક/૭૩૫૨ અને વી.એસ.ડી/ટેક/૭૩૫૩ તારીખ ૩૦/૦૬/૨૦૧૮ થી જાણ કરેલ. જેના પુરાવા રૂપે અન્ય ત્રણે ભાઈઓએ સોગંદનામું રજુ કરેલ છે તેમજ તલાટી મંત્રીશ્રી નો દાખલો રજુ કરેલ છે જેમાં જણાવેલ છે કે રે.સર્વે નંબર ૨૨૧/૧ પૈકી ૪ માં આવેલ કુવો તેમના ભાઈઓ નરશીભાઈ કાનાભાઈ કમેજાળીયા, કાળુભાઈ કાનાભાઈ કમેજાળીયા અને ઠાકરશીભાઈ કાનાભાઈ કમેજાળીયા ના નામે મજમુ કુવો છે.

ઉપરોક્ત બાબતે મૂળ ગ્રાહક શ્રી કાનાભાઈ વાઘાભાઈ કમેજાળીયા હયાત ન હોય જેથી સદર સવાલવાળું

| | |
|---|---|
| | વીજજોડાણ રદબાતલ કરવા માટે અરજદાર શ્રી ઠાકરશીભાઈ કાનાભાઈ કમેજાળીયા સિવાય ના અન્ય શ્રી કાનાભાઈ વાઘાભાઈ કમેજાળીયા ના બધાજ વારસદારોની નિયમાધીન નોટરાઈઝ સ્ટેમ્પ પેપરમાં સહમતી જરૂરી હોય જેથી સદર વીજ જોડાણ ને રદ કરી શકાય નહી. આમ,અરજદારની વીજ જોડાણ રદ કરવા માટેની અરજી ગ્રાહ્ય રાખી શકાય નહિ તેમ સદર બાબતે કોરમ કમિટી દ્વારા નિષ્કર્ષ કરાયેલ છે. |

<u>મુદ્દા નં.-૪ :</u> <u>હુકમ</u>

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે અરજદાર અને પીજીવીસીએલ પક્ષકારોને જાણકારી આપવામાં આવે છે |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ: જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયના મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ નિયત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાકીય બાબત સબંધિત હોય તો, સદર રકમ ઉક્ત રકમ પીજીવીસીએલમાં જમા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં કરવો જરૂરી છે.